**REF No**. 55/2009

| | |
|---|---|
| રજૂ તારીખ : | ૦૩/૦૨/૨૦૦૯ |
| દાખલ તારીખ: | ૦૩/૦૨/૨૦૦૯ |
| ફેંસલ તારીખ : | ૦૭/૦૭/૨૦૨૨ |
| સમયગાળો : | વર્ષ: ૧૩ માસ:૦૫ દિન: ૦૪ |

# મજુર અદાલત, વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ

**રેફરન્સ (એલ.સી.વી.) કેસ નં. ૫૫/૨૦૦૯**
**આંક : ૨૪**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી,**
ડાયમન પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.
મુ.વડદલા, પો.સમલાયા, તા.તરસાલી,
જી.વડોદરા.

**વિરૂઘ્ધ**

**બીજા પક્ષકાર :** **ઘનશ્યામભાઈ ભીખાભાઈ ગોહીલ**
**C/O. સમગ્ર જીલ્લા એન્જીનીયરીંગ એન્ડ જનરલ કામદાર યુનિયન**
૩૮૪, રણછોડનગર, ન્યુ.ગુ.હા.બોર્ડ,
લક્ષ્મીપુરા રોડ, ગોરવા, વડોદરા.

**હાજર રહયા :**
પ્રથમ પક્ષકાર તરફે : વિઘ્વાન વકીલશ્રી કે.કે.ચોકસી
બીજા પક્ષકાર તરફે : વિઘ્વાન યુનીયન પ્રતિનિધિશ્રી જીગ્નેશ એ. ચૌહાણ

## :: એ વો ર્ડ ::

**(૧)** સદર કામના પ્રથમ પક્ષકાર સામે હાલના બીજા પક્ષકારનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત શ્રી, વડોદરાની કચેરીના સંયુકત હુકમ ક્રમાંક: કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે/૨૬૪૯, તારીખ. ૩૧/૦૧/૨૦૦૯ થી બીજા પક્ષકાર/શ્રમયોગી (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)ને તેમના પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સામાવાળા'' તરીકે ઉલ્લેખ કરેલ છે.) પુન:સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

**(૨)** રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, જે તેઓને બજી ગયેલ છે ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક-૬ થી માંગણાનું નિવેદન રજૂ રાખેલ છે જેમાં જણાવેલ છે કે,

તેઓ સામાવાળા સંસ્થામાં તા.૦૧/૦૭/૧૯૯૮ના રોજ નોકરીમાં સ્ટેનીંગ ઓપરેટર તરીકે દાખલ થયેલા અને માસિક રૂા. ૨,૮૦૦/– કંપનીના પગાર રજીસ્ટર પત્રક પર સહી લઈને પગાર ચુકવતા હતા. જે તારીખથી નોકરીમાં દાખલ થયેલ અને તા.૫/૧૦/૨૦૦૬ સુધી તેઓએ નોકરી ખંત અને વફાદારીપુર્વક રીતે બજાવેલ હતી. અરજદારે સામાવાળાની સંસ્થામાં તા.૫/૧૦/૦૬ના રોજ કામદારો યુનિયન બનાવેલ અને જે યુનિયન તોડવાના બદઈરાદાથી કામદાર આગેવાનોને એકાએક સસ્પેન્ડ કરવામાં આવેલા જેના વિરુધ્ધમાં સામાવાળાની સંસ્થામાં કામ કરતા તમામ કામદાર સ્વયંભુ રીતે કામ બંધ કરેલ હતુ તથા મેલી મુરાદ સફળ બનાવી હળતાલ તોડવાનોને કામદારોનું સંગઠન તોડવાનો ઈરાદો સફળ બનાવેલો. જેથી યુનિયનમાં આગળ પડતાં જે કામદારો ભાગ ભજવેલ તેવા કામદારોને નોટીસ, ખાતાકીય તપાસ એક તરફી કરી જેના ફાઈડીંગ રીપોર્ટસ આપ્યા પછી આજદીન સુધી નોકરીમાંથી બરતરફ કે ડીસ્ચાર્જ કરવામાં આવેલ ન હતા. જેના અનુસંધાને તા.૧૮/૧૨/૨૦૦૭ ના રોજ રજી.એ.ડી.થી સામાવાળાને પત્ર લખી જાણ કરેલી તે રજી.એ.ડી. તેમને મળ્યા બદલ પણ કોઈ નિર્ણય ન લેતા આખરે તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ શ્રમ આયુકતશ્રીની કચેરી, વડોદરાને છુટા કર્યા અંગેની ફરીયાદ દાખલ કરેલ. જે નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરીની બંને પક્ષકારોએ હાજર રહી સમાધાન માટેના પ્રયત્ન કરેલા પણ તેમાં સમાધાન શકય ન બનતાં આખરે તા.૧૨/૨/૨૦૦૯ના રોજ વડોદરના મજુર અદાલતને ન્યાય નિર્ણય માટે સોંપવામાં આવેલો. અરજદારને જે તારીખથી નોકરી ઉપરથી છુટા કરેલા તે તારીખથી આજદિન સુધી બીજા કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને સામાવાળા કંપની ધ્વારા નોકરીમાંથી છુટા કર્યા તા.૦૫/૧૦/૨૦૦૬ થી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે તેમજ કાયદેસરના મળવાપાત્ર તમામ હકકો અને લાભો સહીત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા તેમજ રેફરન્સનો ખર્ચ રૂા.૫,૦૦૦/– સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર કામે સામાવાળાને નોટીસની ધારાસરની બજવણી થતાં સામાવાળા તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ અને તેઓને વખતો વખત જવાબ આપવા માટે મુદતો આપવા છતાં તેઓ જવાબ રજુ કરતા ન હોય, અરજદાર તરફે આંક–૧૧ થી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવા માટેની અરજી આપતા તે અરજી નીચે હુકમ કરીને સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ શ્રમયોગી તરફે આંક–૧૪ થી સોગંદનામું આપી તેઓ વિરુધ્ધ સામાવાળા સંસ્થા ધ્વારા હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવવા અરજ કરેલ. જે નીચે અત્રેની કોર્ટ ધ્વારા

વિગતવારનો હુકમ કરી ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા સંસ્થાએ શ્રમયોગી વિરુધ્ધના આક્ષેપો સાબિત કરવા માટે અત્રેની કોર્ટ રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૫) આ કામે પક્ષકારોએ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ પોતપોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ છે.

**<u>બીજા પક્ષકાર/અરજદારનો પુરાવો:-</u>**

**મૌખિક પુરાવાઓ:**

| આંક | વિગત | તારીખ |
|---|---|---|
| ૧૯ | અરજદાર ઘનશ્યામભાઈ ભીખાભાઈ ગોહીલની મૌખિક જુબાની | ૫/૦૪/૨૦૨૨ |

**દસ્તાવેજી પુરાવાઓ:**

| માર્ક | વિગત | તારીખ |
|---|---|---|
| ૮/૧ | સામાવાળા સંસ્થાને માંગણાનું નિવેદનનું નીવેદનની કોપી રજી.એ.ડી.થો મોકલેલ તે પાવતી નં.૬૧૬૨ | ૧૨/૬/૨૦૦૯ |
| ૮/૨ | સામાવાળા સંસ્થાને માંગણાનું નિવેદનનું નીવેદનની કોપી મળી ગયા બદલની અને પરત આવેલ પાવતી એકનોલેજમેન્ટ | ૧૫/૬/૨૦૦૯ |
| ૧૮/૧ | અરજદારને સામાવાળા સંસ્થાએ આપેલ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ | - |

સદરહુ કામે અરજદાર તરફે આંક-૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**<u>પ્રથમ પક્ષકાર/સામાવાળાના પુરાવા:-</u>**

ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર ન રહેતા આંક-૨૨થી અરજદાર તરફે અરજી રજુ કરતા તે નીચે હુકમ કરી સામાવાળા સંસ્થાનો પુરાવાનો હકકબંધ કરવામાં આવેલ.

(૬) સદર કામમાં અરજદાર તરફે વિ.યુ.પ્ર.શ્રી જીગ્નેશ એ. ચૌહાણની મૌખિક દલીલો સાંભળી તેમજ આંક-૨૩ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી. જયારે સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર ન રહેતા સામાવાળા સંસ્થાનો દલીલોનો હકકબંધ કરેલ છે. ઉપરોકત દલીલોની ચર્ચા હાલના તબકકે ન કરતા પુરાવાના મુલ્યાંકન વખતે કરવામાં આવશે.

(૭) આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

<u>:: મુદા ::</u>

૧) શું કામદારને પડેલા દિવસોના પગાર સહીત તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સહીત નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે?

૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

<u>:: જવાબ ::</u>

૧) મુદા નંબર :– ૧. અંશત: હકારમાં.

૨) મુદા નંબર :– ૨. આખરી હુકમ મુજબ

<u>**કારણો:**</u>

(૯) અરજદાર તરફે આંક–૧૯ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને આ સરતપાસના સોગંદનામામાં અરજદારે તેમના માંગણાના નિવેદન મુજબની હકીકત જણાવેલ છે. જયારે સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર ન રહેતા સામાવાળા સંસ્થાનો ઉલટ તપાસનો હકકબંધ કરવામાં આવેલ. જેથી અરજદારની આ હકીકતોને સામાવાળાએ હાજર રહી પડકારેલ ન હોય, તેવી જ રીતે અત્રેની કોર્ટ ધ્વારા સામાવાળા સંસ્થા તરફથી શ્રમયોગી વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવેલ હોય, તેમજ સામાવાળા સંસ્થાએ શ્રમયોગી વિરુધ્ધના આક્ષેપો સાબિત કરવા માટે અત્રેની કોર્ટ રૂબરૂ કોઈ પ્રયત્ન કરેલ ન હોય, જેથી ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં, આ કામના અરજદારને સામાવાળા સંસ્થા ધ્વારા તારીખ. ૦૫/૧૦/૨૦૦૬ ના રોજ કોઈ પણ જાતની નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર આપ્યા સિવાય કે તપાસ કાર્યવાહી કર્યા વિના મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલા હોવાનું સ્પષ્ટ ફલીત થતું હોય, અરજદાર તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા તેમજ બેકવેજીસ મેળવવા હકકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૦) જયાં સુધી બેક વેજીસનો પ્રશ્ન છે ત્યાં સુધી આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો General Manager, Haryana Roadways V/s. Rudhan Sinh 2005(5) SCC 551 માં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ કામદાર છુટા થવાથી બેકાર બેસી રહેલા હોય તે અંગેના સબળ પુરાવો રજુ કરવો જોઈએ અને જયારે સદર કામે અરજદારના કહેવા મુજબ તેને સને–૨૦૦૬ માં છુટા કરી દીધેલ હોય જે લક્ષમાં લેતા પણ અરજદાર ત્યારથી આજદિન સુધી એટલે કે આશરે ૧૬ વર્ષ સુધી બેકાર બેસી રહેલ હોય તે હકીકતને પુરાવાથી સમર્થન મળવુ ખુબ જ જરૂરી છે પરંતુ સદર કામે અરજદાર તરફે તેવો

કોઈ પુરાવો રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતું નથી તથા અરજદારની નોકરીનો સમયગાળો, કામકાજનો પ્રકાર અને અન્ય સંજોગો પણ ધ્યાને લેતા સદર કામે અરજદારને પડેલા દીવસોના પુરેપુરો પગાર મેળવવા માટે હકકદાર નથી, પરંતુ ૨૦% પડેલા દિવસોના પગાર તથા અન્ય મળવાપાત્ર લાભો ચુકવી આપવામાં આવશે તો ન્યાયનો હેતુ સર થશે. તે સંજોગોમાં મુદા નં–૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી અને મુદા નં–૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

૧) અરજદારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨) અરજદારને છુટા કરવાનુ સામાવાળાનું પગલુ ગેરકાયદેસર છટણી હોય, આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દીન–૩૦ માં તેઓએ આ કામના અરજદારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર અને આનુષાંગિક મળવાપાત્ર લાભોના ૨૦% રકમ ચુકવી આપી સળંગ નોકરી ગણી પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) અરજદારને અરજી ખર્ચ પેટે સામાવાળાએ રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ : ૦૭/૦૭/૨૦૨૨**
**વડોદરા.**
જે.એમ.ગાંધી–પી.એ.

**(અતુલકુમાર શ્રવણભાઈ પાટીલ)**
**પ્રમુખ અધિકારી(સિનીયર ડીવીઝન)**
**મજુર અદાલત નંબર(૨), વડોદરા.**
(CODE NO.GJ00836)